# ... દારૂ વેચનાર ધંધો બંધ કરી વ્યસનમુક્તિ અભિયાનમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧ ચિલોડા નજીક આવેલા મહુન્દ્રા ગામમાં વ્યસનમુક્તિ અંગે અભિયાન જોશભેર ચાલ્યુ છે. જેના સુખદાયી પરિણામ સ્વરૂપ દારૂના વેચાણ કરનારે સ્વયં પોતાનો ધંધો બંધ કરી આ બદીને દુર કરવાના અભિયાનમાં સામેલ થઈ ગયા છે. બસોથી વધુ યુવાનોએ ગામમાં સ્વચ્છતા અને દારૂબંધીનો સંપુર્ણપણે અમલ થાય તેવા અભિનંદનીય પ્રયાસો હાથ ધર્યા છે. જેને ચોતરફથી આવકાર પ્રાપ્ત થયો છે. અને સ્વયંભુ લોકો આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે. સમાજ સુધારણાના પ્રયાસો યુવાનો થકી શરૂ થતા આગામી સમય આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બની રહેશે તેવી લોક લાગણીનો જન્મ થયો છે.

મહુન્દ્રા ગામમાં સો ટકા વસ્તી બક્ષીપંચની છે અને આ ગામ આર્થિક અને સામાજીક રીતે પછાત રહ્યુ છે અને મોટાભાગના ગ્રામજનો છુટક મજુરી અને ખેતી ઉપર નભે છે. વધુમાં આ ગામમાં વ્યસનની બદી ઘર કરી ગઈ હતી તેના ઉપર નિયંત્રણ ખુબજ અઘરૂ બની ગયું હતું. દરમ્યાન અલ્પેશ ઠાકોરની વ્યસનમુક્તિની મહારેલીનો પ્રભાવ યુવાનો ઉપર વધુ પડ્યો અને ગામના યુવાનો ક્ષત્રીય ઠાકોર સેનામાં સામેલ થઈ વ્યસન નામના દૈત્યને નાથવા કમર કસી લીધી છે. જેના ફળસ્વરૂપ ગામ તથા ગામ નજીક દારૂનું વેચાણ કરનાર પોતાનો ધંધો બંધ કરી વ્યસન મુક્તિ અભિયાનમાં સામેલ થઈ દારૂના વ્યસન થકી થતા નુકસાનને વ્યસન કરનારાઓને સમજાવી રહ્યા છે.







**મહુદ્રામાં ૨૦૦થી વધુ યુવાનોએ સફાઈ અને વ્યસનમુક્તિ અભિયાન ચલાવ્યુ, સો ટકા બક્ષીપંચ ગામમાં આવેલી જનજાગૃતિ**

ગામમાં આ પ્રકારની જાગૃતિ ઈતિહાસમાં પ્રથમવાર દેખાઈ હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. ક્ષત્રિય ઠાકોર સેનાના ૨૦૦થી વધુ યુવાનોએ સફાઈ અભિયાન પણ હાથ ધર્યુ છે. સામાજીક ક્રાંતિના પાયાની આ જરૂરિયાતને મહિલાઓ સુધી પણ પહોંચાડી સભાઓ યોજી ગુટખા ત્યાગવાનો સંકલ્પ લેવાડાવ્યો છે. ક્ષત્રિય ઠાકોર સેનાના જિલ્લા પ્રમુખ ગોવિંદજી ઠાકોર અને જિલ્લા સંગટન મંત્રી રાજુભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે ગામડે ગામડે જઈ વ્યસનમુક્તિનું અભિયાન જલદ રીતે ચલાવવાનો અમારો મક્કમ નિર્ધાર છે. સમાજને આ બદીમાંથી મુક્ત કરી ઉન્નતિના માર્ગે સમાજને લઈ જવા અમો સૌ કટિબદ્ધ બન્યા છીએ. વ્યસનમુક્તિ માટે જનતા રેડ, સમજાવટ અને આખરે ક્ષત્રિય ઠાકોર સેનાનો જેવી બાબતો થકી જ આ ઘર કરી ગયેલી બદી દૂર થઈ શકે તેવુ તેમનું માનવુ છે. બે રોજગારોને રોજી રોટી મળી રહે તેવા પ્રયાસોને પણ આ અભિયાનમાં સામેલ કરાયા છે. ત્યારે કચડાયેલો સમાજ ફરીથી વેગવંતો બની રહેશે તેવું ચિત્ર ઉપસ્યુ છે.

## ખૂણે ખાંચરેથી...

- પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી સુશીલકુમાર શિંદે ૩જી ફેબ્રુઆરીના રોજ ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યા છે.
- ગુજરાત સરકાર આજે ગુજરાતી ચલચિત્રો માટેની નવી પ્રોત્સાહક નીતિ જાહેર કરશે.
- છેલ્લા ૩ દિવસમાં ગાંધીનગરે ભારે લગ્નસરામાં વિતાવ્યા.
- ગાંધીનગર સિવિલમાં રોજની એક હજાર દર્દીઓની ઓ.પી.ડી. નોંધાઈ રહી છે.
- ગાંધીનગર સિનીયર સિટીઝન કાઉન્સીલે ગાંધીનગર-સ્માર્ટસીટી વિષય પર યોજેલ વિષય પરના સેમિનારમાં નાગરિક બેંકના ચેરમેન અને કોંગ્રેસના પ્રવક્તા હિમાંશુ પટેલે વક્તવ્ય આપ્યું હતું.
- ગાંધીનગર શહેરમાંથી ઠંડીનો ચમકારો ઓછો થતાં લોકોએ રાહત અનુભવી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




દેશે પ્રગતી કરી એવા કોઈ સમાચાર નથી આવ્યા... નાહીને કામે લાગી જાવ... એમ... ચટાપટાવાળી ચડ્ડી પહેરીને દોડવાથી દેશ આગળ નહીં વધે...!!

# વસંત પંચમી બે દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૧ જ્ઞાનની દેવી માતા સરસ્વતીની આરાધનાનું પર્વ વસંત પંચમી આ વરસે બે દિવસ મનાવવામાં આવશે. દેશના વિવિધ ભાગોમાં તે ૧૨ અને ૧૩મી ફેબ્રુઆરીએ ઉજવાશે.

આપણે ત્યાં વસંત પંચમીનું ખૂબ મહત્વ છે. વણ જોયા મુર્હુત તરીકે લગ્નાદિ શુભકાર્યોની ભરમાર આ દિવસે જોવા મળે છે. દેશભરમાં સમુહ લગ્નો સહિતના શુભકાર્યો થતા જોવા મળે છે એવી પણ માન્યતા છે કે વસંત પંચમીના પાવન પર્વે માતા સરસ્વતીની પૂજા અર્ચના કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આથી દરેક શાળા કોલેજમાં આ દીવસે ખાસ સરસ્વતીની પૂજા થતી હોય છે. એવી પણ માન્યતા છે કે આ દિવસે બાળકોને અક્ષરજ્ઞાન આપવાની શરૂઆત કરવામાં આવે તો માતા સરસ્વતીની કૃપાથી બાળકો જલ્દીથી લખતા વાંચતા થઈ જાય છે. શાસ્ત્રીય માન્યતા મુજબ વસંત પંચમીના દિને સ્વરની ઉત્પત્તિ થઈ હતી. આથી આ દિવસે વિદ્યાર્થીઓએ વિદ્યાભ્યાસ કરવો જોઈએ. આ વર્ષે બે દિવસ વસંત પંચમી ઉજવાય તેવા સંજોગો સર્જાયા છે. સૌરાષ્ટ્ર, ગુજરાતમાં ૧૨મી ફેબ્રુઆરીએ વસંત પંચમી ઉજવાશે. આ દિવસે પાંચમનો ક્ષય છે પરંતુ આ દિવસે સવારે ૯.૦૬ મિનિટથી અમૃત સિદ્ધિ યોગ છે જે બીજે દિવસે વહેલી સવાર સુધી રહે છે. આ યોગને ખુબ સારો માનવામાં આવે છે. મધ્યપ્રદેશ જેવા કેટલાક વિસ્તારોમાં વસંત પંચમી ૧૩મી ફેબ્રુઆરીએ ઉજવાશે. ઉત્તરાયણ પછી શુભ મુહુર્ત શરૂ થતા લગ્ન જેવા પ્રસંગોની શરૂઆત થઈ ચુકી છે. વસંત પંચમીએ શુભકાર્યો સૌથી વધુ ઉજવાશે.

# ડૉ. પ્રણવ જોષીપુરા ટેબલ ટેનિસમાં પાંચમીવાર વિજેતા

ગાંધીનગર, તા. ૧ ગાંધીનગરના ડૉ. પ્રણવ જોષીપુરાએ ખેલ મહાકુંભની જિલ્લાકક્ષાની ટેબલટેનિસ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરતા પાંચમી વખત વિજેતા બન્યા છે. સે. ૨૧માં સચિવાલય જીમખાના ખાતે તા. ૩૧મી જાન્યુઆરીએ રમાયેલ આ સ્પર્ધાની ફાઈનલ મેચના છેલ્લીવાર રમી રહેલા ડૉ. જોષીપુરા અગાઉ ખેલમહાકુંભમાં ચાર વાર વિજેતા બની ચુક્યા છે. આ વખતે જિલ્લાકક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધામાં ૫૦થી પણ વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલ મેચ ડૉ. પ્રણવ જોષીપુરા અને ટીસીએસના ચિરાગ ગાંધી વચ્ચે યોજાઈ હતી. અત્યંત રોમાચંક આ મેચમાં ડૉ.

**ખેલમહાકુંભની જિલ્લાકક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધામાં ડૉ. જોષીપુરાનો વિજય : રાષ્ટ્રીયકક્ષાના ખેલાડીને રોમાંચક ફાઈનલમાં હરાવી સતત પાંચમી વાર સ્પર્ધા જીતી**



રોમાંચક મુકાબલામાં તેમણે ટીસીએસ કંપનીમાં કાર્યરત મુંબઈના રાષ્ટ્રીય કક્ષાના ખેલાડી ચિરાગ ગાંધીને શિકસ્ત આપી છે.

અત્યારે રાજ્યભરમાં ખેલ મહાકુંભ ૨૦૧૫ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ ચાલી રહી છે. ગાંધીનગરના સે. ૨૧ જીમખાના ખાતે ટેબલટેનિસની જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧૬ થી ૪૫ વર્ષની વય જુથમાં નગરના ૪૫ વર્ષીય ડૉ. પ્રણવ જોષીપુરા સતત પાંચમીવાર વિજેતા બન્યા છે. પોતાના વયજુથમાં જોષીપુરાએ પાંચ ગેમના અંતે મુંબઈના રાષ્ટ્રીય કક્ષાના ખેલાડી ચિરાગ ગાંધીને હરાવી સ્પર્ધા જીતી લીધી હતી. આ સ્પર્ધામાં તૃતીય સ્થાને અજિતસિંહ રાઠોડ અને ચતુર્થ સ્થાને કરણ ત્રિવેદી વિજેતા બન્યા છે. હજુ વિવિધ કેટેગરીમાં ટેબલટેનિસની સ્પર્ધા તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી સુધી ચાલનાર છે. ડૉ. પ્રણવ જોષીપુરા પર સ્વજનો, મિત્રો અને ગાંધીનગરના અગ્રણીઓએ શુભેચ્છાઓ સાથે અભિનંદન વર્ષા કરી રહ્યા છે. હવે ખેલમહાકુંભની રાજ્યકક્ષાની સ્પર્ધામાં ડૉ. જોષીપુરા ભાગ લેશે.



ઝારખંડના જમશેદપુર ખાતે તાજેતરમાં યોજાયેલી સબ જુનિયર નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, ગાંધીનગરની બોયઝ ટીમે સર્વોચ્ચ દેખાવ કરી ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યો છે. હેન્ડબોલ ટીમના કોચ અને સાઈના સત્તાધિકારીઓએ વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા છે.

# ૩જીએ કોંગ્રેસ એસ.સી. સેલનું ટાઈનહોલમાં અધિવેશન

ગાંધીનગર, તા. ૧ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સંવિધાન સે સ્વાભિમાન કાર્યક્રમ અંગે આજરોજ ડૉ. કૌશિક શાહ પ્રમુખ અને અશોક શ્રીમાળી - ચેરમેનશ્રી એસ.સી. સેલ તથા પ્રભારી માયાબેન દવે તથા મહિલા કોંગ્રેસ શ્રીમતિ ભાનુમતિબેન રોહિતની સાનિધ્યમાં આજે ગુજરાતમાંથી અનુસૂચિત જાતિમાં ચૂંટાયેલ સદસ્યશ્રીઓનું સન્માન કરવા માટે બેઠક બોલાવી હતી. તેમાં માયાબેન દવેએ જણાવ્યુ કે આ કાર્યક્રમ કોંગ્રેસનો છે અને તેમાં સૌએ સાથે મળી પ્રોગ્રામ સફળ બનાવવા માટે આહવાન કર્યુ. અશોક શ્રીમાળીએ સૌને અપીલ કરી કે ગુજરાતની રાજધાનીમાં આવો સરસ પ્રોગ્રામ યોજાઈ રહ્યો છે તેમાં સૌ સાથે મળી પ્રોગ્રામ સફળ બનાવવા વિનંતી કરી. જિલ્લા ચેરમેન જગદીશ પરમારે પણ અપીલ કરી. આગામી તા. ૩-૨-૨૦૧૬ના રોજ યોજાનાર પોગ્રામમાં પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી, ચેરમેન સુશીલકુમાર સિંદે, કે. રાજુ તેમજ વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા વગેરે ઉપસ્થિત રહેશે.

# વિધાનસભા કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોની ૯મીએ બેઠક

ગાંધીનગર, તા. ૧ વિધાનસભા કોંગ્રેસે પક્ષના ધારાસભ્યોની બેઠક આગામી ૯મીના રોજ મળશે જેમાં રાજ્ય સરકારને ભીંસમાં લેવા માટેની વ્યૂહરચના ઘડી કાઢવામાં આવશે.

ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આગામી ૨૨મી ફેબ્રુઆરીથી મળનારી છે. આથી વિધાનસભા સત્રને ધ્યાને રાખીને વિધાનસભા વિપક્ષ કોંગ્રેસ પક્ષના ધારાસભ્યોની એક બેઠક આગામી ૯મીએ વિપક્ષના નેતા શંકરસિંહના અધ્યક્ષસ્થાને મળશે.

# આગામી વાર્ષિક યોજનાને અપાઈ રહેલો આખરી ઓપ

ગાંધીનગર, તા. ૧ રાજ્યની આગામી વર્ષની વાર્ષિક યોજનાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. અને આગામી સપ્તાહમાં યોજનાનુ કદ આખરી કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

આયોજન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્તવિગતો મુજબ આગામી ૨૨મી ફેબ્રુઆરીથી વિધાનસભાનું અંદાજપત્ર સત્ર શરૂ થઈ રહ્યું છે. આ સત્ર આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રાજ્યના આયોજન પ્રભાગ દ્વારા રાજ્યની આગામી વર્ષની વાર્ષિક યોજનાને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ નાણા વિભાગ દ્વારા વિવિધ વિભાગો સાથે બેઠકોનો દોર હાથ ધરીને વિભાગો દ્વારા રજુ કરવામાં આવેલી નવી યોજનાઓની દરખાસ્તોને મંજુરી આપીને દરેક વિભાગોને લીમીટ આપી દેવામાં આવી છે અને બજેટ ફાળવણી કરી દેવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વર્ષે કેન્દ્રના આયોજન આયોગે વાર્ષિક યોજનામાં ઘટાડો કરવા માટે આપેલા નિર્દેશોને પગલે આ વખતે રાજ્ય સરકાર દ્વારા વાર્ષિક યોજનાના કદમાં કોઈ મોટા વધારો કરવાને બદલે સામાન્ય ઘટાડો પણ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વખતે વાર્ષિક યોજનામાં કૃષિ, ગ્રામ વિકાસ અને સામાજીક સેવાઓને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જો કે આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા નવી કોઈ વધારાની યોજનાઓને સ્થાન ન આપે તેવી પણ શક્યતાઓ સેવાઈ રહી છે.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલ યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત કેટલીક યોજનાઓનો આ બજેટમાં સમાવેશ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ આગામી સપ્તાહે મળનારી આયોજન પ્રભાગની બેઠકમાં વાર્ષિક યોજનાના કદને આખરી કરવામાં આવશે.



ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલીએ આંતરરાષ્ટ્રીય મુખ્યાલય શાંતિવન, આબુરોડ ખાતે આયોજીત મુખ્ય પ્રશાસિકા રોજયોગિની દાદી જાનકીજીના શતાબ્દી સમારોહમાં શુભેચ્છા આપતા જણાવેલ કે હિંસા, મૂલ્યોનું હનન અને અનેક પ્રકારના પ્રદૂષણ કે જેમાંથી આપણે પસાર થઈ રહ્યા છીએ તેમાં દાદી જાનકીજીનો સંદેશ જ આશાની કિરણ પૈદા કરે છે. તેમણે વધુમાં કહ્યું કે દાદી જાનકીજી વિશ્વની મહાન આધ્યાત્મિક હસ્તીઓમાં સન્માનનીય સ્થાન ધરાવે છે. યુએનઓ માન્યતા પ્રાપ્ત આ સંગઠન સમાજને બહારથી જ નહી પણ ભીતરથી પણ પરિવર્તિત કરવા સૌથી મોટા આંદોલન તરીકે ઉભરી આવ્યું છે. આપણે પગ-પગ પર સહયોગ આપી આ આંદોલનેન સફળ બનાવવું પડશે.







(તસવીર : દિપક જાની)

**ઇનામી ડ્રો :** ગાંધીનગર રીટેલર્સ વેલ્ફેર એસોસિએશન દ્વારા ગ્રાહકો માટે ઈનામી ડ્રોનું આયોજન કરાયું હતું. શહેરના અનાજ - કરિયાણાના છુટક વેપારીઓના સંગઠન દ્વારા ગ્રાહકો માટે ઈનામી યોજના જાહેર કરાઈ હતી. ૩૦ હજારથી વધુ લાભાર્થી ગ્રાહકોનો ઈનામી ડ્રોમાં વિશાળ સંખ્યામાં ગ્રાહકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મેયર શ્રીમતી હંસાબેન મોદી, ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કાઉન્સીલર અશ્વિનભાઈ વ્યાસ અને એ.પી.એમ.સી.ના ચેરમેન રસિકભાઈ પટેલ ઉપસ્થિત રહી ઈનામી ડ્રોના નંબરો ખેંચાયા હતા. આ ઉપરાંત ગ્રાહક પરિવારોમાંથી બાળકો અને મહિલાઓ તથા અગ્રણીઓ દ્વારા ઈનામી નંબરો ખેંચાયા હતા.

# ગાંધીનગર ડેમોક્રેડિક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧ તાજતેરમાં ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત, ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંસ્થાના સભ્ય સદગત ડી.યુ. પરમારના અવસાન બદલ બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

ત્યારબાદ સભ્યોએ વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરી હતી અંતે આ બેઠકની વ્યવસ્થા અને સરભરા બદલ ડૉ. અમૃતભાઈ સોલંકીનો સંસ્થા વતી પ્રવકતા ડી.એમ. પરમાર દ્વારા આભાર માની બેઠકની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આમ સંસ્થાના મહામંત્રી મૂળજીભાઈ પરમાર 'દધિ' એ જણાવ્યું છે.